સર્વ સંમતિથી ચૂંટાતી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહિત કરવા માટે સમરસ ગામ યોજનાની પ્રોત્સાહક અનુદાનની રકમમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ચટણ-૧૦૧૧-૧૬૭૪-ગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૨૯-૧૧-૨૦૧૧

વંચાણે લીધાઃ-

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૪-૭-૧૯૯૨ ના ઠરાવ ક્રમાંકઃ ચટણ-૧૦૯૧-૮૫-ગ,

(૨) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૩૦-૧૦-૧૯૯૬ ના ઠરાવ ક્રમાંકઃ ચટણ-૧૦૯૧-૮૫-ગ,

(૩) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૯-૧૦-૨૦૦૧ ના ઠરાવ ક્રમાંકઃ ચટણ-૧૦૯૧-૮૫-ગ,

(૪) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૮-૧૦-૨૦૦૨ ના ઠરાવ ક્રમાંકઃ ચટણ-૧૦૯૧-પાર્ટ-૧-ગ,

(૫) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૯-૩-૨૦૦૪ ના ઠરાવ ક્રમાંકઃ ચટણ-૧૦૯૧-પાર્ટ.૧-ગ,

(૬) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૭-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ ચટણ-૧૦૯૧-૮૫-ગ,

(૭) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૦-૧૦-૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃ ચટણ-૧૦૯૧-૮૫-ગ, અને

(૮) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૬-૪-૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૧૧-૫૨૩-જ

આમુખઃ

ગુજરાત રાજયમાં તા.૧-૪-૧૯૬૩ થી ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થા અમલમાં આવેલ છે. આ પંચાયતી રાજમાં ગ્રામ પંચાયત પાયાનો એકમ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ સર્વસંમતિ અને વિના વિરોધે થાય તો વિકાસ માટેનું હકારાત્મક વાતાવરણ સર્જાઇ શકે અને ગામ કક્ષાએ સંપ, સહકાર, સુમેળ અને સંવાદિતાથી સ્થાનિક પ્રજા વિકાસના કામોમાં ઉમંગભેર ભાગ લે તેવા ઉમદા હેતુથી ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) સામેના તા.૧૪-૭-૧૯૯૨ના સરકારી ઠરાવથી સમરસ ગામ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) થી (૮) સામેના ઠરાવોથી આ યોજનાનને વધુ સુધારેલ સ્વરૂપ આપવામાં આવેલ છે અને આ યોજના હેઠળ આપવામાં આવતી પ્રોત્સાહક અનુદાનની રકમ નકકી કરવામાં આવેલ છે.

ઠ રા વ:-

આ યોજનાના પ્રોત્સાહક પરીણામો અને ગ્રામ પંચાયતના વિસ્તારના નાગરીકોમાં વધુને વધુ બળવત્તર થતી સંપ, સહકાર, સુમેળ અને સંવાદિતાની ભાવના તેમજ આવી ગ્રામ પંચાયતોએ હાંસલ કરેલ વિકાસના કામોની સિધ્ધિઓથી પ્રોત્સાહિત થઇને રાજ્ય સરકાર આ સમરસ ગ્રામ યોજના હેઠળ અપાતા પ્રોત્સાહક અનુદાનની રકમમાં વધારો કરવા અને તેનું ફલક વધુ વિસ્તૃત કરવાની વિચારણા હાથ ધરેલ હતી. કાળજી પૂર્વકની વિચારણાના અંતે સમરસ ગામ યોજના અને તે અન્વયે સર્વ સંમતિથી ચૂંટાતી ગ્રામ પંચાયતને પ્રોત્સાહિત કરવા માટે આપવાની થતી પ્રોત્સાહક અનુદાનની રકમ નીચે મુજબ આપવાનું રાજ્ય સરકાર આથી ઠરાવે છે.

| ક્રમ | વસ્તીના ધોરણ મુજબ સમરસ જાહેર થતી ગ્રામ પંચાયત | સામાન્ય એટલે કે જે ગ્રામ પંચાયતમાં પુરૂષ અને મહિલા એમ બન્ને લીંગના સભ્યો હોય તેવી સમરસ ગ્રામ પંચાયતને સુધારેલ ધોરણ મુજબ મળવાપાત્ર પ્રોત્સાહક અનુદાનની રકમ રૂ. લાખમાં | મહિલા સમરસ ગ્રામ પંચાયત એટલે કે સરપંચ સહિતની ગ્રામ પંચાયતની તમામ સભ્યો મહિલા હોય તેવી ગ્રામ પંચાયતને સુધારેલ ધોરણ મુજબ મળવાપાત્ર પ્રોત્સાહક અનુદાનની રકમ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧ | ૫૦૦૦ સુધીની વસ્તી ધરાવતા ગામની ગ્રામ પંચાયત પહેલી વખત બિનહરીફ ચૂંટાયેલ જાહેર થઇ સમરસ બને તો | રૂ.૨.૦૦ લાખ | રૂ.૩.૦૦ લાખ |
| ૨ | ૫૦૦૧ થી ૧૫૦૦૦ સુધીની વસ્તીવાળી ગ્રામ પંચાયત પહેલી વખત બિનહરીફ ચૂંટાયેલ જાહેર થઇ સમરસ બને તો | રૂ. ૩.૦૦ લાખ | રૂ.૫.૦૦ લાખ |

પ્રથમવાર સમરસ થતી સામાન્ય તથા મહિલા ગ્રામ પંચાયતને ગામમાં આવેલ પ્રાથમિક શાળામાં ધોરણ-૮ની સગવડ ન હોય તો, ધોરણ-૮ ની અગ્રીમતાથી મંજુરી આપવામાં આવશે. સતત બીજીવાર સમરસ થતી સામાન્ય તથા મહિલા ગ્રામ પંચાયતને પ્રથમ વખતની પ્રોત્સાહક અનુદાનની રકમમાં ૨૫ ટકાનો વધારો તથા સી.સી. રોડની આધુનિક સુવિધા પુરી પાડવામાં આવશે.

સતત ત્રીજીવાર સમરસ થતી સામાન્ય તથા મહિલા ગ્રામ પંચાયતને બીજી વખતના પ્રોત્સાહક અનુદાનની રકમમાં ૨૫ ટકાનો વધારો તથા ગામમાં સોલાર સ્ટ્રીટ લાઇટની આધુનિક સુવિધા પુરી પાડવામાં આવશે.

<u>શ ર તોઃ-</u>

(૧) સમરસ ગ્રામ પંચાયતની યોજના અન્વયે પ્રથમ વખત સમરસ જાહેર થયેલ ગ્રામ પંચાયતોને " સમરસ ગ્રામ પંચાયતનો પ્રથમ તબકકો " અને સતત બીજીવાર સમરસ જાહેર થયેલ ગ્રામ પંચાયતોને ઉપર જણાવ્યા મુજબનો " સમરસ ગ્રામ પંચાયતનો બીજા તબકકા " નો એવોર્ડ અને સતત ત્રીજીવાર સમરસ થતી ગ્રામ પંચાયતોને " સમરસ ગ્રામ પંચાયતનો ત્રીજા તબકકા " નો એવોર્ડ એનાયત કરવામાં આવશે.

(૨) મહિલા સમરસ ગ્રામ પંચાયત એટલે સર્વ સંમતિથી ચૂંટાતી સરપંચ સહિત તમામ ગ્રામ પંચાયતના સભ્યો મહિલા હોય તેવી ગ્રામ પંચાયતોને મહિલા સમરસ ગ્રામ પંચાયત તરીકે ગણવાની રહેશે.

(૩) સમરસ ગ્રામ પંચાયત માટે સર્વસંમતિથી ચૂંટાતી ગ્રામ પંચાયતોના કિસ્સામાં રેકર્ડ આધારે ખરાઇ કરીને સમરસ પંચાયત અંગેનું પ્રમાણપત્ર તાલુકા વિકાસ અધિકારી કક્ષાએથી ચૂંટણી અંગેના અધિકૃત રેકર્ડના આધારે જરૂરી ચકાસણી કરીને આપવાનું રહેશે, અને વિકાસ કમિશ્નરશ્રીને સમરસ ગામ યોજના હેઠળ આપવાના પ્રોત્સાહક અનુદાન માટેની જરૂરી દરખાસ્ત કરવાની રહેશે.

(૪) આવી ગ્રામ પંચાયતોમાં ખૂટતી સગવડો માટે જિલ્લા આયોજન મંડળ, ગોકુળ ગ્રામ યોજના, પંચવટી યોજના વગેરે તરફથી ઉપલબ્ધ નાણાકિય જોગવાઇમાંથી વિકાસના કામો માટે પ્રાથમિકતા આપવામાં આવશે તેમજ ક્રમાંકઃ (૫) ના સુધારા ઠરાવથી કરવામાં આવેલ જોગવાઇ અનુસાર સમરસ ગ્રામ પંચાયત યોજના અંતર્ગત મળવાપાત્ર પ્રોત્સાહક અનુદાનની રકમનો ભારત સરકાર કે રાજય સરકારની અન્ય યોજના માટે ફાળવેલ અનુદાન ઉપરાંત મેચીંગ ગ્રાન્ટ/લોકફાળા તરીકે ઉપયોગ કરી શકાશે.

(૫) સમરસ ગ્રામ પંચાયત યોજના અંતર્ગત ફાળવવામાં આવનાર પ્રોત્સાહક અનુદાનની રકમનો ઉપયોગ કરવા માટે વંચાણમાં લીધેલા ક્રમ-(૧) ના ઠરાવમાં દર્શાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ પ્રોત્સાહક અનુદાન ચુકવવાની કામગીરી વિકાસ કમિશ્નરશ્રીએ કરવાની રહેશે. આ અંગેની દરખાસ્તો સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીઓએ સર્વ સંમતિથી બિન હરીફ ચૂંટાયેલ ગ્રામ પંચાયતના કિસ્સામાં ચૂંટણીની પ્રક્રિયા પુરી થાય તે પછીના ૧૫ દિવસમાં વિકાસ કમિશ્નરશ્રીને અચૂકપણે કરવાની રહેશે.

(૭) પ્રોત્સાહક અનુદાનની રકમનો ગામના સ્થાનિક વિકાસના કામોમાં ગામના સ્થાનિક રહીશોની બનેલી ગ્રામસભા ધ્વારા ઉપયોગ કરવાનું નકકી કરવામાં આવશે. ગ્રામ સભાએ વિકાસના

કામો નકકી કરતી વખતે ગામમાં ઉપલબ્ધ સગવડો ધ્યાનમાં રાખી તે સિવાયના વિકાસના કામો હાથ ધરવાનું વિચારવાનું રહેશે.

૨. આ હુકમો આ ઠરાવની તારીખ પછીથી થનાર ચૂંટણીઓથી અમલમાં આવશે.

૩. આ યોજના સંબંધી આ હુકમોમાંની સૂચનાઓ સાથે આ અગાઉના હુકમો અન્વયેની સૂચનાઓ સુસંગત હોય તેટલા અંશે ચાલુ રહેલી ગણવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ માંગણી ક્માંકઃ ૭૦, મુખ્ય સદર-૨૫૧૫-અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્મ, ગૌણસદર-૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર ૦૧, સીડીપી-૧૧, પંચાયતોની ચૂંટણી હેઠળ આયોજન સદરની ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્માંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૯-૧૧-૨૦૧૧ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( નિર્વાણ શાહ )
નાયબ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

- નામ.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.અધ્યક્ષશ્રીના રહસ્ય સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પંચાયત), સચિવાલય, ગાંધીનગર
- માન.વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/મા.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત), સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય., ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- તમામ અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ, બ્લોક નં.૯, સચિવાલય, ગાંધીનગર(ત્રણ નકલ)

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિયામકશ્રી, લોકલ ફંડ ઓડિટ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- તમામ માન.સંસદસભ્યશ્રી/માન.રાજયસભા સભ્યશ્રી/માન.ધારાસભ્યશ્રીઓ,
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા કલેકટરશ્રીઓ,
- તમામ પ્રાંત અધિકારીશ્રીઓ,
- તમામ નાયબ કલેકટરશ્રી(ચૂંટણી), જિલ્લા કલેકટર કચેરી.
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ,
- તમામ હિસાબી અધિકારીશ્રી, તમામ જિલ્લા પંચાયત,
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ કમિશ્નર કચેરી, ડો.જીવરાજ મહેતાભવન, ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
- તમામ નાયબ સચિવશ્રીઓ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- તમામ શાખાઓ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પસંદગી ફાઇલ ગ-શાખા